www.aiche.org/ccps

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

This issue sponsored by

ioMosaic

www.iomosaic.com

# ખોટી હોઝપાઇપ ને કારણે અમોનિયા લીક થયો !

નવેમ્બર -૨૦૧૫







જુલાઈ ૨૦૦૯ ની વહેલી સવારે, દક્ષિણી કેરોલીનાના એક પ્લાન્ટમાં એનહાઇડ્રસ અમોનિયા ને ટ્રકમાંથી સ્ટોરેજ ટેન્કમાં ખાલી કરવામાટે ટ્રક ટ્રેલરમાં રહેલી હોઝ પાઈપ વાપરવામાં આવી. ખાલી કરવાનું શરૂ થયાની થોડી જ ક્ષણોમાં ખાલી કરવામાં વપરાયેલી પાઈપ ફાટી અને એમોનિયાનું વાદળ ફેલાયું , જે એક ટોક્ષીક ગેસ છે. વાદળ હાઈવેને ક્રોસકરીને ઝાડી વાળા વિસ્તારમાં ઓગળી ગયું. એક કારચાલક હાઈવે ઊપર થઈને એમોનિયાના વાદળમાં ધસી ગઈ અને સાચેસાચ હાઈવેથી નીચે ઉતરી ગઈ. તે તેની કારમાંથી બહાર આવી અને એમોનિયાના એક્ષપોઝરથી મૃત્યુ પામી. ચૌદ માણસોના સ્વાસ્થ્યમાં મુશ્કેલી થઈ અને સાત વ્યકિતઓને શ્વાસોશ્વાસની મુશ્કેલી માટે સારવાર અપાઈ અને એ જ દિવસે રજા અપાઈ. આ વિસ્તારના રહીશોને સુરક્ષિત જગ્યાએ રહેવા જણાવાયું અને હાઈવેને કલાકો સુધી બંધ રાખવો પડયો. લગભગ ૭૦૦૦ પાઉન્ડ જેટલો એમોનિયા છુટયો હતો.

તપાસમાં એવું જણાયું કે હોઝ ફાટવા માટેનું એક સંભવિત કારણ એ હતું કે જે હોઝ એનહાઇડ્રસ એમોનિયાના ખાલી કરવામાટે વાપરવામાં આવેલી હતી એ રસાયણીક રીતે સુસંગત ન હતી. આ બનાવના બીજા કારણોમાં અક્ષમ ખાલી કરવાની પધ્ધતિ અને ખાલી કરવાની હોઝ ની અપુરતી તપાસ પધ્ધતિ હતી. એમોનિયા ખાલી કરવામાટે જે હોઝ વાપરવામાં આવી હતી તેની ઉપર સ્પષ્ટ લખેલું હતું કે “ફક્ત એલપીજી ખાલી કરવામાટે” (એલપીજી – લીકવીફાઈડ પેટ્રોલીયમ ગેસ). ટ્રકની કંપનીને એવું જાણવા મળ્યું કે તેમની એક એલપીજી ટેન્કરમાં રાખવામાં આવેલી હોઝ એમોનિયા ખાલી કરવા માટેની હતી. અને આ બનાવ પહેલાં આ હોઝ બદલાઈ ગઈ હોય એવી સંભાવના ઘણી જ વધારે હતી. ખોટી હોઝ જે ફાટી ગઈ એ એમોનિયા ખાલી કરવા માટે લગભગ ૨ થી ૧૨ વખત વપરાઈ હતી.

## તમે શું કરી શકો ?

- હંમેશા ખાત્રી કરો કે ખાલી કરવા કે ભરવા માટે ની કામગીરી માં યોગ્ય હોઝ વાપરવામાં આવે છે. ટ્રક સાથે આવેલી હોઝ ને વાપરવાની હોય ત્યારે ખાસ કરીને વધારે સાવધ રહો.
- હોઝ ઉપર લખેલી સૂચના અથવા ચેતવણી ને વાંચો અને જો તમે હોઝ વાપરવા માટે યોગ્ય છે તે બાબતે ચોકકસ ન હોય તો મદદ માગો.
- હોઝ માં નુકશાની છે કે નહી તે હંમેશા તપાસો જેમાં ટ્રક સાથે લવાતી હોઝ ને પણ સામેલ કરો. જે હોઝ ની સ્થિતિ સારી ન હોય તેને વાપરવા લેશો નહી. ઉપરાંત હોઝ સાથે વપરાતાં ગાસ્કેટ તથા ફીટીંગ્સને પણ તપાસો.
- હોઝનો સંગ્રહ યોગ્ય રીતે કરો જેથી તેમાં આંટી ન પડે, ઢળી ન પડે કે તેને નુકશાન ન થાય.
- તમારા પ્લાન્ટની હોઝ ને તપાસવાની અને બદલવાની જરૂરીયાત નું પાલન બધી જ હોઝ માટે કરો.
- તમે કાયમ ટ્રક સાથે આવતી હોઝ નો ઉપયોગ મટીરીયલ ખાલી કરવા માટે કરતાં હોવ અને તમને જયારે પણ હોઝ અલગ દેખાય ત્યારે કોઈકને કહો કે તે હોઝ વાપરવા માટે યોગ્ય છે તેની ખાત્રી કરે.
- હોઝ નિષ્ફળ જવાના બીજા અકસ્માત અંગે જાણવા ઓગસ્ટ ૨૦૦૪, જુલાઈ ૨૦૦૭ અને ઓકટોબર ૨૦૧૧ ના સુરક્ષા બીકન વાંચો.

## શું તમે યોગ્ય હોઝ વાપરો છો ?

©AIChE 2015. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Czech, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.